ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૩/૨૧-૨૨/ 3846 તારીખ : 30 DEC 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૪૩/૨૧-૨૨

પ્રતિ,
**શ્રી નજમલભાઈ નાનુભાઈ શેખ,**
**અપના ઓઈલ મીલ ની સામે,**
**સર પટ્ટણી રોડ,**
**મું.ભાવનગર**
**જી.ભાવનગર.**

**મો.નં-૭૫૬૭૨ ૪૭૩૨૪**

**વિષય : ઈલે.ડયુટી ની કરેલ વધુ વસુલાત રીફંડ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૧૮/૦૮/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૭/૦૮/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૧-૨૨/૨૫૯૭ તા.૦૧/૦૯/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૧-૨૨/૨૯૩૫ તા.૩૦/૦૯/૨૦૨૧.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૧-૨૨/૩૬૫૦ તા.૦૮/૧૨/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૨/૧૨/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૧, **ભાવનગર.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **ખારગેટ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૪૩/૨૧–૨૨** ☜

વાદી :– **શ્રી નજમલભાઈ નાનુભાઈ શેખ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૨/૧૨/૨૦૨૧** ◈

હાજર રહયા :– **શબાનાબેન એન.શેખ (વાદી ના પુત્રી)**

પ્રતિવાદી :– **શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી નજમલભાઈ નાનુભાઈ શેખ, મું.ભાવનગર ની ઈલે.ડયુટી ની કરેલ વધુ વસુલાત રીફંડ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૧–૨૨/૨૫૯૭ તા.૦૧/૦૯/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૨/૧૦/૨૦૨૧, તથા તા.૨૨/૧૨/૨૦૨૧** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૨૨/૧૨/૨૦૨૧** ના રોજ વાદી શ્રી નજમલભાઈ નાનુભાઈ શેખ વતી તેમના પુત્રી શબાનાબેન શેખ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી ટી.એમ.પંડયા, કાર્યપાલક ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૧, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર ની માલીકી કબજા ભોગવટાવાળી મિલ્કત ભાવનગર શહેરમાં જોગીવાડ ની ટાંકી થી અજય સિનેમા તરફ જવાના રસ્તે આવેલ છે. જે સીટી સર્વે વોર્ડ નં–૫ શીટ નં–૮૮ સર્વે નં–૩૦૧૫ થી ક્ષેત્રફળ ૬૮.૮૪ થી નોંધાયેલી છે. જે મિલ્કત માહે ૮.૭૧ ચો.મી.માં અનાજ દળવાની ઘંટી ચલાવી અમારૂં તેમજ કુટુંબનું ભરણપોષણ ચલાવીએ છીએ.

૧.૨ સદર જગ્યાએ અમો અરજદારે સામાવાળા નં–૧ ની કચેરીમાં તા.૨૩/૨/૨૦૧૩, ગ્રાહક નં–૩૦૨૦૧/૫૪૭૪૫/૮ ઔધોગીક વિજ જોડાણ મેળવેલ. જે વિજ કનેકશનમાં વિધુત શુલ્ક ૧૦ પી સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ છે. અનાજ દળવાની ઘંટી માં શુલ્ક ૧૦ પી નકકી કરવામાં આવેલ હોવા છતાં, સામાવાળ નં–૧ ની કચેરી ના અધિકારી દ્વારા મીટરનું રીડીગ લેવામાં આવેલ ત્યારે વિધુત શુલ્ક ૨૦ પી તથા ઘણી વખત ૨૫ પી.લખાઈ આવેલ જે મુજબ અમો નિયમીત પ્રમાણે આપવામાં આવતા બિલ મુજબ ની રકમ ભરપાઈ કરી આપેલ.

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ સરકારશ્રી ની અનાજ દળવાની ઘંટીમાં વિધુત શુલ્ક ૧૦ પી લેવાની સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં, સામાવાળા નં–૧ ની કચેરીમાં અધિકારી(મીટર રીડર) દ્વારા ગેરકાયદેસર મનસ્વી રીતે નિયમ વિરૂધ્ધ વિધુત શુલ્ક ના ૧૦ પી ના બદલે ૨૦ પી કયારેક ૨૫ પી પ્રમાણે બિલ માં દર્શાવી બિલો મોકલવામાં આવેલ. જે બિલોની ગણતરી ગેરકાયદેસર રીતે ઉંચી રકમ ના બિલો મોકલી તે રકમ નિયમીત રીતે સામાવાળાની કચેરી દ્વારા વસુલ કરવામાં આવેલ છે જે વધારાની રકમ પરત મેળવવાનો અમો ગ્રાહક અરજદાર ને કાયદેસર નો અધિકાર છે.

૧.૪ જેથી, અમો અરજદારે સામાવાળ નં–૧ ની કચેરીમાં તા.૧૩/૧/૨૦૨૧ ના રોજ વિધુત શુલ્ક ૧૦ પી પ્રમાણે ગણતરી કરી અમોને બિલ આપવાની લેખિત રજૂઆત કરેલ. ત્યારબાદ, તા.૯/૨/૨૦૨૧ ના રોજ સામાવાળા નં–૩ ની કચેરી અમો અરજદારે લેખિત જાણ કરતા સમાવાળા નં–૧ ની કચેરી ના અધિકારીઓ તા.૧૭/૩/૨૦૨૧ ના રોજ સ્થળ તપાસ માટે રૂબરૂ આવેલ. તેમ છતાં, સામાવાળા તરફથી અમોને અમારી અરજી ના વાંધા સંબંધે કોઈ જવાબ આપેલ નહી. જેથી, અમો અરજદારે તા.૨૪/૪/૨૦૨૧ ના રોજ રીમાઈન્ડર નોટીસ આપેલ છતાં, તા.૨૫/૫/૨૦૨૧ સુધી કોઈ જવાબ આપેલ નહી. જેથી, અમો અરજદારે સામાવાળાને તા.૨૭/૫/૨૦૨૧ ના રોજ અમો અરજદારે અમોની પાસેથી વિધુત શુલ્ક ની રકમ વધારે ઉઘરાવેલ તે પરત આપવામાં નહી આવે તો અમે અરજદારે ના છૂટકે નામદાર કોર્ટ માં તથા ગ્રાહક સુરક્ષા અધિનિયમ મુજબ કન્ઝ્યુમર કોર્ટ માં તેમજ અન્ય કાયદાકીય જોગવાઈ ઓ મુજબ કાર્યવાહી કરવાની કરવા સંબંધી રીમાઈન્ડર નોટીસ નં–૩ થી આપેલ. જે નોટીસ સામાવાળા ને મળી જતા સામાવાળા નં–૨ ની કચેરી દ્વારા તા.૨૬/૭/૨૦૨૧ ના રોજ અમો અરજદાર ની રજૂઆત વ્યાજબી જણાઈ આવેલ અને અમો અરજદાર ની રજૂઆત મળ્યા તા.૮/૨/૨૦૨૧ થી અધિનિયમ પ્રવર્તમાન પરિશિષ્ટ–૧ ની આઈટમ–૩(બી) મુજબ ૧૦% પ્રમાણે વિજ કર વસુલ કરવાનો રહે છે. તેમજ મુંબઈ વિધુત શુલ્ક (ગુજરાત) નિયમો–૧૯૮૬ ના નિયમ–૧૨ મુજબ અગાઉ ભરેલ રકમ નું રીફંડ મળવાપાત્ર થાય નહી. તેવું જણાવતા અમો અરજદાર ને આપ સાહેબ સમક્ષ સામાવાળા એ ગેરકાયદેસર રીતે વિધુત શુલ્ક ૧૦% ને બદલે ૨૦ થી ૨૫% પ્રમાણે ઉઘરાવેલ હોય તફાવત ની વધારાની રકમ પરત મેળવવા અરજી દાખલ કરવાની ફરજ પડેલ છે.

૧.૫ આ ફરીયાદ અરજી નું કારણ સામાવાળાઓ એ અમો પાસેથી વધુ રકમ અરજી ની વિગતે પડાવી લેતા અને ત્યારબાદ અવાર નવાર તે પરત મેળવવાની રજૂઆતો અને માંગણી કરતા અને તા.૨૬/૭/૨૦૨૧ ના રોજ ઉડાઉ જવાબ આપતા તેથી અને ત્યારથી આ અરજી નું કારણ ઉત્પન્ન થયેલ છે અને આજે પણ શરૂ છે.

૧.૬ સદરહુ ફરીયાદ અરજી સાંભળવા આપ નામદાર ફોરમ ને ધારાસર હુકમત છે કારણ કે સામાવાળા ની કચેરી ભાવનગર ખાતે આવેલ છે અને તેઓ તેમની સેવા ભાવનગર થી જ અમોને પૂરી પાડતા હોય, અને અમો ફરીયાદી પણ આપ નામદાર ફોરમ ની હકુમત માં રહેઠાણ તેમજ ધંધો કરતા હોય આ ફરીયાદ સાંભળવા અને તેનો આખરી નિકાલ કરવા આપ નામદાર ફોરમ ને ધારાસર હકુમત છે.

Consumer Grievance Redressal Forum
F.G.V.C.L.
Bhavnagar

૧.૭ સદરહુ ફરીયાદ અરજી ની સામાવાળાઓને આપવાની અરજી ની નકલો, વકીલપત્ર તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટ તથા મેમો ઓફ એડ્રેસ તેમજ ધારાસર ફી નું ચલણ અમલમાં રજૂ છે.

૧.૮ સબબ અમો અરજદાર આથી અરજ કરીએ છીએ કે,

(એ) આ કામના તમામ સામાવાળાઓ સંયુકત અને પૃથ્થક રીતે અમો અરજદારે ભરેલી વિધુત શુલ્ક ફી ની રકમ રૂા.૧,૨૯,૯૧૪/– અમોને ૧૮% ના વ્યાજ સહિત ચૂકવી આપે તેવો હુકમ અમો અરજદાર ના લાભ માં અને તમામ સામાવાળાઓ વિરૂધ્ધ ફરમાવવા અરજ છે.

(બી) અમો અરજદાર ને સામાવાળાઓએ માનસીક ત્રાસ આપેલ હોય, તેના વળતર ના રૂા.૧,૦૦,૦૦૦/– અલગ થી સામાવાળાઓ પાસેથી અપાવવા અરજ છે.

(સી) આ અરજી ને લગતા આપ નામદાર ફોરમ ને યોગ્ય લાગે તે તે દાદ અપાવવા અરજ છે. તેમજ અરજી નું ખર્ચ સામાવાળાઓ પાસેથી અલગથી અપાવવા અરજ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદારશ્રી ખારગેટ સબ ડિવિઝન ખાતે શ્રી નજમલભાઈ નાનુભાઈ શેખ, ગ્રાહક નં–૩૦૨૦૧/૫૬૭૪૫/૮ થી ૧૬ કિ.વો. ધરાવતું એનઆરજીપી કનેકશન છે. જે જોગીવાડ ની ટાંકી થી અજય સિનેમા તરફ જવાના રસ્તે લોટ દળવાની ઘંટી આવેલી છે.

૨.૨ ગ્રાહકશ્રી ને તા.૨૩/૨/૨૦૧૩ થી ઔધોગીક વિજ જોડાણ આપવામાં આવેલ. ત્યારથી ઈડી ૨૫% આકારવામાં આવેલ છે અને ઈડી કલેકટર ના એપ્રિલ–૨૦૨૦ ના પત્ર થી ઈડી ૨૦% કરવામાં આવેલ. જે સરકયુલર ની નકલ સામેલ છે. ૨૦૧૩ થી નવા ઈડી ના રેટ આવવાથી શરતચૂક થી ઈડી વધારે લેવાયેલ છે.

૨.૩ ગ્રાહકશ્રી ને લોટ દળવાની ઘંટી હોઈ, ઈડી ૧૦% લાગે તે અન્વયે ખારગેટ સબ ડિવિઝન ને અરજી કરેલ અને અગાઉ લગાવાયેલ ઈડી અને જે ખરેખર રેટ લાગવો જોઈએ તે તફાવત ની રકમ પરત મળવાપાત્ર છે. જેમાં, ગ્રાહકશ્રી ને ઈડી કલેકટર ના સરકયુલર મુજબ આવી કોઈ ઈડી ની રકમ એક વર્ષ થી વધારે જૂની હોય, તો પરત ન આપી શકાય અને તેઓશ્રી ને ગાંધીનગર ઈડી કલેકટરશ્રી નો સંપર્ક સાધવા માટે સબ ડિવિઝન દ્વારા જણાવવામાં આવેલ.

૨.૪ અરજદારશ્રી દ્વારા ગાંધીનગર ઈડી કલેકટરશ્રી નો સંપર્ક સાધવામાં આવેલ જે પત્ર ની નકલ આ સાથે સામેલ છે.

૨.૫ ગાંધીનગર ઈડી કલેકટરશ્રી દ્વારા પત્ર નં–૪૪૫૦ –૪૪૫૧ તા.૨૬/૭/૨૦૨૧ થી તા.૮/૨/૨૦૨૧ થી અધિનિયમના પ્રવર્તમાન પરિશિષ્ટ–૧ ની આઈટમ–૩(બી) મુજબ ૧૦% ઈડી વિજ કર વસુલ કરવાની મંજૂરી આપેલ છે. અને સાથે મુંબઈ વિધુત શુલ્ક (ગુજરાત) નિયમો–૧૯૮૬ ના નિયમ–૧૨ મુજબ અગાઉ ભરેલ રકમ નું રીફંડ મળવાપાત્ર થાય નહી જે જણાવેલ છે.

૨.૬ આમ, સદર કેસ એ ઈડી રીલેટેડ હોઈ, અત્રેની કચેરી દ્વારા અગાઉ લેવાયેલ ઈડી ની રકમ પરત એ મુદ્દા નં– ૨.૫ પ્રમાણે આપી શકેલ નથી.

ઉપરોકત હકીકત ને ઘ્યાનમાં રાખી સદર કેસને મુલવવા આપ સાહેબ ને નમ્ર અરજ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી નજમલભાઈ નાનુભાઈ શેખ, ભાવનગર શહેર માં ૧૬ કિ.વો. નં ૩ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૩૦૨૦૧/૫૬૭૪૫/૮ થી ધરાવે છે. વાદી તેના વિજ જોડાણ માં ફલોર મીલ તરીકે ઉપયોગ કરે છે. વાદીના પ્રતિનિધિ શબાનાબેન એન ગઢીયા આજરોજ તા.૨૨/૧૨/૨૦૨૧ ના રોજ હાજર રહેલ છે.

૩.૨ વાદી તેના ફલોર મીલ ના ૩ ફેઈઝ વિજ જોડાણ માટે તા.૨૩/૨/૨૦૧૩ થી ૬ કિ.વો. નું વિજ જોડાણ ધરાવતા હતા. ત્યારબાદ, ઓગષ્ટ–૨૦૧૩ માં ૬ કિ.વો.નો લોડ વધારો કરી,૧૨ કિ.વો.કરેલ.ત્યારબાદ,ડિસે–૨૦૨૦ ના રોજ ૪ કિ.વો. નો લોડ વધારો કરી, ૧૬ કિ.વો. નો લોડ ધરાવે છે.

૩.૩ પ્રતિવાદી વાદીના વિજ વપરાશ નું નિયમીત રીતે બિલીંગ કરે છે અને તેમાં એનર્જી ચાર્જ, ફીકસ ચાર્જ સહિત ઈલે.ડયુટી વસુલ કરે છે. પ્રતિવાદીએ ગુજરાત વિધુત અધિનિયમ–૧૯૫૮ ની જોગવાઈ અનુસાર વિજ ગ્રાહક પાસેથી વિજ કર વસુલ કરવાનું હોય છે. પ્રતિવાદી આ વિજ કર ગુજરાત સરકાર ની વિધુત શુલ્ક સમાહર્તા કચેરી વતી વિજ ગ્રાહક પાસેથી વસુલ કરે છે.

૩.૪ વાદી ના અનાજ દળવાની ઘંટી માટે ના વિજ જોડાણ પાસેથી પ્રતિવાદીએ ૧૦% વિજ કર વસુલ કરવાનો હોય છે. પરંતુ, પ્રતિવાદી ના મીટર રીડરે ૧૦% વિધુત કર ને બદલે ૨૦% વિધુત કર વસુલ કરતા હતા. આમ, પ્રતિવાદી ના મીટર રીડર ૧૦% ને બદલે ૨૦% વિધુત કર પ્રમાણે વિજ બિલ બનાવી અને વાદી ને આપતા હતા તેની સામે વાદીએ ફોરમ ને તા.૨૭/૮/૨૦૨૧ ના રોજ રજૂઆત કરેલ છે.

૩.૫ વિધુત શુલ્ક ની વસુલાત એ સરકારી કર છે તથા તે ગુજરાત વિધુત શુલ્ક અધિનિયમ–૧૯૫૮ હેઠળ નિશ્ચિત દર મુજબ વસુલ કરવાને પાત્ર છે. પ્રતિવાદી ની વિજ કંપની ગુજરાત સરકાર વતી તેના વિજ ગ્રાહકો પાસેથી વિધુત શુલ્ક ની રકમ વસુલ કરવાની અને વિધુત સમાહર્તા કચેરીમાં જમા કરાવવાની વિજ કંપની ની જવાબદારી છે.

૩.૬ વાદીએ તેના વિજ બિલમાં પ્રતિવાદી દ્વારા લગાડવામાં આવતા ખોટા (૨૦%) વિજ કર માટે વિધુત શુલ્ક સમાહર્તા ની કચેરી, ગાંધીનગર ને રજૂઆત કરેલ છે. તે અનુસંધાને વિધુત શુલ્ક સમાહર્તા એ તેઓના પત્ર નં–૪૪૫૦ તા.૨૬/૭/૨૦૨૧ થી પ્રતિવાદીની કચેરી ને જણાવેલ કે, પ્રવર્તમાન પરિશિષ્ટ–૧ ની આઈટમ ૩(બી) મુજબ વાદી પાસેથી ૧૦% પ્રમાણે વિજ કર વસુલ કરવાનો રહે છે. તેમજ મુંબઈ વિધુત શુલ્ક (ગુજરાત) નિયમો–૧૯૮૬ ના નિયમ–૧૨ મુજબ અગાઉ ભરેલ રકમ નું રીફંડ મળવાપાત્ર થાય નહી. આ પત્ર ની નકલ વિધુત શુલ્ક સમાહર્તા કચેરી, ગાંધીનગર એ વાદી નજમલભાઈ નાનુભાઈ શેખ ને આપેલ છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૭ પ્રતિવાદીએ વિધુત શુલ્ક સમાહર્તા સાથે થયેલ મીટીંગ ની કાર્યવાહી ની નોંધ ફોરમ ને રજૂ કરેલ છે. જે નોંધ ના મુદા નં–૪ મુજબ જણાવેલ છે કે, કોઈપણ કિસ્સામાં પાછલું કોઈપણ રીફંડ આપવાનું થતું નથી.

૩.૮ વિધુત શુલ્ક અંગેની રજૂઆત કે ફરીયાદ ફોરમ ના કાર્યક્ષેત્રમાં આવતી નથી તેના માટે વાદી એ વિધુત શુલ્ક સમાહર્તા ને રજૂઆત કરવી જોઈએ. વિધુત શુલ્ક સમાહર્તા એ સક્ષમ અધિકારી છે.

૩.૯ ઉપર મુજબ ના અવલોકન તેમજ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખી વાદીએ કરેલ રજૂઆત માટે ફોરમ ને કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

—:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૨/૧૨/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar